## ફોજ. અપીલ નં. ૨૩/૨૦૨૫ નાં કામમાં અરજદારની આંક–૫ ની અરજી નીચે હુકમ.

(૧) હાલનાં કામનાં એપેલેન્ટની અરજી વંચાણે લીધી. આ કામનાં આરોપીને નામદાર ટ્રાયલ અદાલત દ્વારાં ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ ના કામે ઈ. પી. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એક્ટની કલમ–૧૮૪ મુજબનાં ગુનાના કામે ૪(ચાર) માસની સાદી કેદની સજા તેમજ બંને ઈજા પામનારને મળી કુલ રૂા. ૩૫,૦૦૦/– વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરેલ છે. નામદાર ટ્રાયલ કોર્ટ દ્વારાં ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ ના કામે આરોપીને સજા બાદ સદર હુકમનામાંની અમલવારી મોકૂફ રાખવા એપલેન્ટે અરજ અહેવાલ કરતાં નામદાર ટ્રાયલ અદાલતે રૂા. ૨૦,૦૦૦/– નાં અપીલ સમય સુધીનાં જામીન ઉપર સદર કામે ફરમાવેલ હુકમ મોકૂફ રાખવાનો હુકમ કરેલ છે.

(૨) આ કામે એપેલેન્ટનાં વિ. વ. શ્રીએ ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ નાં કામે કરવામાં આવેલ હુકમ અપીલ ચાલતા સમય સુધી સ્ટે કરવા તેમજ આંક–૫ થી આ અપીલ ચાલતા દરમિયાન ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ ના કામે એપેલેન્ટ/મૂળ આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) એપેલેન્ટ તરફે વિ. વ. શ્રીને સાંભળ્યા તથા સામાવાળા તરફે વિ. એડી.પી.પી. શ્રીને સાંભળ્યાં. ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ ના કામનાં ઠરાવને વંચાણે લેતાં નામદાર ટ્રાયલ કોર્ટે દ્વારાં આરોપીને ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ ના કામે ઈ. પી. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એક્ટની કલમ–૧૮૪ મુજબનાં ગુનાના કામે ૪(ચાર) માસની સાદી કેદની સજા તેમજ બંને ઈજા પામનારને મળી કુલ રૂા. ૩૫,૦૦૦/– વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરેલ છે જે ધ્યાને લેતાં તેમજ ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ નાં તથ્યો, પુરાવો અને સંજોગો ધ્યાને લઈ નામદાર ટ્રાયલ કોર્ટે ફરમાવેલ સજાનો હુકમ શરતોને આધીન મોકૂફ રાખવો તથા તે દરમિયાન આ કામના એપેલેન્ટને શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાં ન્યાયોચિત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ

કરવામાં આવે છે.

## હુ ક મ

(૧) નામદાર ટ્રાયલ કોર્ટ દ્વારા ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ નાં કામે એપેલેન્ટ/આરોપીએ રૂા. ૨૦,૦૦૦/– ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આ કામે નામદાર ટ્રાયલ કોર્ટનાં ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ નાં કામે ફરમાવવામાં આવેલ હુકમ આ અપીલનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી સ્થગિત/મોકૂફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો**

(૧) આ કામના એપેલેન્ટ દ્વારાં પોતાનું કાયમી રહેઠાણનું સરનામું તથા ટેમ્પરરી રહેઠાણનું સરનામું તેમજ ધંધા વ્યવસાયના સરનામાં અંગેના દસ્તાવેજી આધાર, ટેલીફોન/મોબાઈલ નંબર સહિત નામદાર ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા.

(૨) એપેલેન્ટ જો પાસપોર્ટ ધરાવતાં હોય તો તે નામદાર ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે બાબત સોગંદ ઉપર નામદાર ટ્રાયલ કોર્ટ સમક્ષ જાહેર કરવી.

(૩) એપેલેન્ટે સબંધિત અદાલતની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૪) આ અપીલના આખર નિકાલ થતાં સુધી એપેલેન્ટે અત્રેની અદાલત સમક્ષ દર મુદતે અચૂક હાજર રહેવુ.

(૫) આ હુકમની એક પ્રમાણિત નકલ આગળની કાયદાકિય કાર્યવાહી માટે નામદાર ટ્રાયલ કોર્ટને મોકલી આપવી. નામદાર ટ્રાયલ કોર્ટે જામીન સ્વિકાર્યા બાદ ફોજ. કેસ નં. ૪૬૦/૨૦૧૭ નું અસલ રેકર્ડ અત્રેની અદાલત તરફ ત્વરિત મોકલી આપવું.

આ હુકમ આજરોજ તા. ૧૩, માહે–મે, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, બતાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૩/૦૫/૨૦૨૫**
**મુકામઃ જેતપુર.**

**(લીલાભાઈ ગોવિંદભાઈ ચુડાસમા)**
**એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00559)